# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-03-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સાણંદમાં આજથી શરૂ થયેલા કેન્સ ઇન્ડિયાના પ્લાન્ટને કારણે સેમિકન્ડક્ટર મિશનનુ સામર્થ્ય વધ્યુ.

2) ઉર્જા, આરોગ્ય , રેલવે , માર્ગો સહિતના 19 હજાર 800 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની પ્રધાનમંત્રીએ ગુજરાતને ભેટ આપી.

3) NG વિસ્તરણમાં ગતિ જાળવી રાખવા માટે રાષ્ટ્રીય PNG અભિયાન 2.0 ને 30 જૂન 2026 સુધી લંબાવાયું.

4) દેશભરમાં મહાવીર જયંતીની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી.

5) આઇપીએલમાં ચંદીગઢમાં પંજાબ કિંગ્સે ટોસ જીતીને ગુજરાત ટાઇટન્સને બેટિંગ સોંપ્યુ.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સાણઁદમાં આજથી શરૂ થયેલા પ્લાન્ટને કારણે ભારતના સેમિકન્ડક્ટર મિશનનુ સામર્થ્ય વધ્યુ.. શ્રી મોદીએ ઉર્જા, આરોગ્ય , રેલવે , માર્ગો સહિતના 19 હજાર 800 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની ગુજરાતને ભેટ આપી હતી.

એક દિવસના ગુજરાત પ્રવાસે આવેલા પ્રધાનમંત્રી નરન્દ્ર મોદીએ ઉત્તર ગુજરાતના વાવ થરાદ જીલ્લાને 19 હજાર 800 કરોડના વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા.. તેમણે કહ્યુ હતુ કે આરોગ્ય, ઉર્જા ,રેલવે , રાજમાર્ગોના આ વિકાસ કાર્યોને કારણે સામાન્ય માણસનુ જીવન બદલાય છે.. તેમણે કહ્યુ હતુંકે ઉત્તર ગુજરાત પહેલા દુકાળ અને પાણીની તંગીને કારણે અનેક સમસ્યા ભોગવતુ હતું પરંતુ આજે આ સમસ્યાઓ ઇતિહાસ બની ગઇ છે. નર્મદાના પાણીને કારણે ખેડુતોની આર્થિક સધ્ધરતા મળી અને પશુપાલકનનો વ્યવસાય વિકસ્યો છે.. દેશના પશ્ચિમી વિસ્તાર માટે એક મહત્વપૂર્ણ ડિસાના એરબેઝે ગણાવીનેકહ્યું કે ડિસા એરબેઝ દેશની સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે પરંતુ અગાઉની સરકારોએ ડિસા એરબેઝને કાર્યરત ન થવા દીધું નહીં.

(બાઇટ પ્રધાનમંત્રી ..ડિસા)

દિવસના મધ્યભાગમાં  સાણંદ ખાતે 3 હજાર 300 કરોડના ‘કેઇન્સ સેમિકોન’ OSAT પ્લાન્ટનો શુભારંભ કરાવતાં પ્રધનમંત્રીએ કહ્યું હતું કે ભારતના સેમિકન્ડક્ટર મિશનને મળ્યું નવું સામર્થ્ય મળ્યું છે.. 14 મહિનામાં જ કાર્યરત થયેલા આ પ્લાન્ટને કારણએ સેમિકન્ડકટરના ક્ષેત્રે ભારત વિશ્વસ્તરે મહત્વપૂર્ણ ઉત્પાદક બનશે તેવી પ્રધાનમંત્રીએ આશા વ્યક્ત કરી હતી તેમણે કહ્યું હતુંકે સાણંદમાં બનેલી ચિપ

અનેક અમેરિકન કંપનીઓમાં જશે.. સેમિકંડક્ટર ક્ષેત્રે ભારતનું વર્તમાન વૈશ્વિક માર્કેટ રૂ. ૪.૫ લાખ કરોડનું, વર્ષ-૨૦૩૦ સુધીમાં ૯ લાખ કરોડ સુધી પહોંચાડવાનું લક્ષ્ય ધરાવે છે તેઓ પણ તેમણે પોતાના સંબોધનમા ઉલ્લેખ કર્યં હતો.

**(બાઇટ- નરેન્દ્ર મોદી , સેમિકન્ડક્ટર માર્કેટ)**

શ્રી મોદીએ વિશ્વમાં ભારતની વધતી ટેકલનોજીનો માંગને વર્ણવતા કહ્યુ હતું કે આ દશકો ભારતનો 'ટૅકેડ' છે..પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે આજનો દશક ટેકનોલોજીનો છે અને માટે જ આ દશકને ટેકેડ કહેવાય છે.

**(બાઇટ- નરેન્દ્ર મોદી , ટેક ડિકેડ)**

પ્રધાનમંત્રીએ ગુજરાતના પ્રવાસની શરૂઆત ગાંધીનગર પાસેના કોબામાં જૈન મંદિરમાં સંગ્રહાલયનું ઉદઘાટન કરતાં પ્રધાનમંત્રીએ કહ્યુ કે પ્રવર્તમાન વૈશ્વિક અસ્થિરતા વચ્ચે સમગ્ર માનવતા માટે મહત્વપૂર્ણ છે..

**(બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી , સંગ્રહાલય)**

સાંજે પ્રધાનમંત્રીએ વાવ થરાદથી પરત જતાં અગાઉ એક રોડ શો યોજ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકોસામેલ થયા હતા.

# PNG DRIVE

સરકારે દેશભરમાં PNG વિસ્તરણમાં ગતિ જાળવી રાખવા માટે રાષ્ટ્રીય PNG અભિયાનને 2.0 ને 30 જૂન 2026 સુધી લંબાવ્યુ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું હતું કે માર્ચ મહિના દરમિયાન, ઘરેલુ, વાણિજ્યિક, છાત્રાલય, મેસ અને કેન્ટીન સહિત 3.1 લાખથી વધુ જોડાણોનું ગેસિફાઇડ કરવામાં આવ્યું છે. વધુમાં 2.7 લાખથી વધુ નવા જોડાણો આપવામાં આવ્યા છે અને તેમને ગેસિફાઇડ કરવામાં આવી રહ્યા છે.

સરકારે વધુમાં ખાતરી આપી હતી કે દેશમાં પેટ્રોલ, ડીઝલ, LPG અને PNGનો પૂરતો સ્ટોક છે. અફવાઓને કાબુમાં લેવા માટે, તેણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પ્રેસ બ્રીફિંગ દ્વારા સાચી માહિતી પ્રસારિત કરવા વિનંતી કરી છે.

# BIHAR TREDEGY

બિહારમાં, નાલંદા જિલ્લાના બિહાર શરીફ ખાતે મઘરા શીતળાષ્ટમી મંદિરમાં આજે સવારે ધાર્મિક વિધિઓ દરમિયાન થયેલી ભારે ભાગદોડમાં આઠ મહિલા શ્રદ્ધાળુઓએ પોતાના જીવ ગુમાવ્યા અને ઘણી અન્ય ઘાયલ થઈ. ઘાયલોને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેક મૃતકના નજીકના સંબંધીઓને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી છે.મૃતકના નજીકના સંબંધીઓને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# MAHAVIR JAYANTI

૨૪મા અને છેલ્લા જૈન તીર્થંકર ભગવાન મહાવીરની જન્મજયંતિ, મહાવીર જયંતિ આજે દેશભરમાં ઉજવવામાં આવી રહી છે. મહાવીર જયંતિ જૈન સમુદાય માટે સૌથી શુભ દિવસોમાંનો એક માનવામાં આવે છે અને તેમના ધાર્મિક જીવનમાં તેનું ખૂબ મહત્વ છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મહાવીર જયંતિ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી.

# NAXALI SURENDER

છત્તીસગઢના કાંકેર જિલ્લામાં મંગળવાર, આજે બે નક્સલીઓએ AK-47 સાથે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું, જે શરણાગતિ માટે નિર્ધારિત સમયમર્યાદા પૂર્ણ કરે છે. મંગળવારે કાંકેરના SP નિખિલ રાખેચાએ પુષ્ટિ આપી હતી કે બે શરણાગતિ સ્વીકારનારા નક્સલીઓ માટે ₹8 લાખનું ઇનામ જાહેર કરવામાં આવ્યું છે.

કાંકેરના SP નિખિલ રાખેચાએ જણાવ્યું હતું કે કાંકેર-દંતેવાડા ક્ષેત્રના જંગલોમાં આશરે 15 નક્સલીઓ હજુ પણ સક્રિય છે, જેમાં બે મુખ્ય કેડર, ચંદર અને રૂપી, સુરક્ષા દળોના સર્ચ ઓપરેશનનું કેન્દ્ર છે.પોલીસ માને છે કે બાકીના નક્સલીઓ આગામી કલાકોમાં મુખ્ય પ્રવાહમાં પાછા આવી શકે છે.

રાખેચાએ જણાવ્યું હતું કે છેલ્લા પાંચ દિવસમાં, નવ નક્સલી કેડરોએ હિંસા છોડીને મુખ્ય પ્રવાહમાં જોડાવાનો નિર્ણય લીધો હતો. આ જ ક્રમમાં, 31 માર્ચે, વધુ બે નક્સલી કેડરોએ હિંસાનો માર્ગ છોડીને મુખ્ય પ્રવાહમાં જોડાવાનો નિર્ણય લીધો હતો.

# EC- SUMMONS

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પીએમએલએ કેસ અને કોલસા કૌભાંડના સંદર્ભમાં કોલકાતા પોલીસની સ્પેશિયલ બ્રાન્ચના ડેપ્યુટી કમિશનર શાંતનુ સિંહા બિશ્વાસને સમન્સ પાઠવ્યા છે. તેમને 6 એપ્રિલે સવારે 11 વાગ્યે નવી દિલ્હીમાં એજન્સી સમક્ષ હાજર થવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

# ASSAM BJP MANIFESTO

ભારતીય જનતા પાર્ટીએ આજે ગુવાહાટીમાં 2026 ની આસામ વિધાનસભા ચૂંટણી માટે પોતાનો ઢંઢેરો જાહેર કર્યો . કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલ અને મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માની હાજરીમાં તેને જાહેર કરવામાં આવ્યો ..ઢંઢેરામાં "સુરક્ષિતા આસોમ, વિક્ષિતા આસોમ" થીમ હેઠળ 31 વચનોની યાદી આપવામાં આવી છે. તેમાં સરકારી જમીન પરથી ગેરકાયદેસર અતિક્રમણ દૂર કરવા, ઇમિગ્રન્ટ્સ (આસામમાંથી હકાલપટ્ટી) અધિનિયમ, 1950 લાગુ કરવા અને તમામ વાસ્તવિક નાગરિકોને જમીન અધિકારો આપવાના પગલાંનો સમાવેશ થાય છે.

ઢંઢેરામાં છઠ્ઠા અનુસૂચિ વિસ્તારો અને આદિવાસી સમુદાયોને બાકાત રાખીને સમાન નાગરિક સંહિતાનો પ્રસ્તાવ શામેલ છે. પાર્ટીએ બે લાખ સરકારી નોકરીઓ અને 8મા પગાર પંચના અમલીકરણનું વચન આપ્યું છે. તેમાં ઓરુનોડોઈ સહાય 3,000 રૂપિયા સુધી વધારવાનો અને ગરીબો માટે KG થી PG સુધી મફત શિક્ષણનો પણ પ્રસ્તાવ છે. તે રાજ્યમાં એક્સપ્રેસવે અને વંદે ભારત ટ્રેન પ્રોજેક્ટ્સમાં રોકાણનો પણ પ્રસ્તાવ રાખે છે

# PUNJAB-ECI

ચૂંટણી કમિશનર ડૉ. એસ.એસ. સંધુએ આજે પંજાબના પ્રી-સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (પ્રી-એસઆઈઆર) મેપિંગ આંકડાઓની પ્રગતિની સમીક્ષા કરી. પંજાબના મુખ્ય ચૂંટણી અધિકારી અનિંદિતા મિત્રાએ માહિતી આપી કે રાજ્યમાં પ્રી-એસઆઈઆર પ્રવૃત્તિ હેઠળ કુલ મતદારોમાંથી 72.26 ટકાનું સફળતાપૂર્વક મેપિંગ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે વિભાગ નિયમિતપણે પ્રી-એસઆઈઆર મેપિંગની સમીક્ષા કરી રહ્યું છે અને જિલ્લા ચૂંટણી અધિકારીઓને મતદાન મથક મુજબ દેખરેખ સુનિશ્ચિત કરવા પણ કહેવામાં આવ્યું છે.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે જલંધરની એક દિવસની મુલાકાતે આવેલા શ્રી સંધુએ જલંધર અને કપૂરથલાના ડેપ્યુટી કમિશનર-અને-જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને અન્ય સંબંધિત અધિકારીઓ સાથે વાતચીત કરતી વખતે મેપિંગ સંબંધિત પડકારો અને ઉકેલો અંગે ચર્ચા કરી. તેમણે ઇઆરઓને આ મહત્વપૂર્ણ કાર્ય પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો.

# IPL

ઈન્ડિયા પ્રીમિયર લીગ ક્રિકેટ- IPLમાં આજે, પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. ન્યુ ચંદીગઢના મહારાજા યાદવિન્દ્ર સિંહ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહેલી આ મેચમાં પંજાબ કિંગ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ગુજરાત ટાઈટન્સના 5 ઓવરમાં 1 વિકેટે 47 રન થયા છે.